ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ત્રણેય મોટા પક્ષોમાં ગઠજોડની રાજનીતિ તેજ

**ભાજપ, કોંગ્રેસ અને આપના મોટા નેતાએ ટીકીટ ફાળવણીની નારાજગીના કારણે અન્ય પક્ષોમાં જઈ રહ્યા છે : ઘણા ધારાસભ્યો અપક્ષ ઉમેદવારી નોંધાવવાના મૂડમાં : પક્ષને ફાયદા-નુકશાનના ગણિત મંડાયા**

ગાંધીનગર, તા. ૧૧

ભાજપે પોતાના ઉમેદવારોની મોટી યાદી જાહેર કર્યા બાદ ઠેર ઠેર ઉકળતા ચરૂ જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્રણેય મોટા રાજકીય પક્ષોમાં ઉથલપાથલ મચી ગઈ છે. મતદારો પર અસર કરી શકે તેવા ઉમેદવારોને પોતાના પક્ષમાં લઈ આવવા માટે ગઠજોડની રાજનીતિ તેજ બની છે.

વિધાનસભાની ચૂંટણી દિવસે દિવસે રસપ્રદ બનતી જાય છે. રાજકીય ગલીયારાઓની સાથોસાથ હવે સામાન્ય જનતા પણ રાજકીય ચર્ચાઓમાં જોડાઈ છે. જ્યાં જુઓ ત્યાં કયા ઉમેદવારને ટીકીટ મળી, કોણ કપાયુ તેની જ ચર્ચાઓ ચાલી રહી છે. જ્યારે તમામ રાજકીય પક્ષોમાં તો ઉકળતા ચરૂ જેવી સ્થિતિ સર્જાઈ છે. ભાજપે અનેક દિગ્ગજોની ટીકીટ કાપી હોવાથી ઠેર ઠેર અસંતોષ ઝળકી રહ્યો છે. બોટાદ ભાજપમાં ભડકો થયો છે. બોટાદ અને ગઢડા બેઠક પર અનુક્રમે ઘનશ્યામ વિરાણી અને શંભુપ્રસાદ ટુંડીયાને ટીકીટ અપાતા કાર્યકરોમાં નારાજગી છે. આ નારાજગીના પગલે ૫૦૦થી વધુ કાર્યકરો અને હોદ્દેદારોએ રાજીનામા આપ્યા છે. અહીં ઉમેદવારો બદલવાની માંગ કરાઈ છે. આ ઉપરાંત ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે અને ધવલસિંહ ઝાલાને ભાજપે ટીકીટ ન આપતા તેઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી છે જ્યારે ભાજપના ધારાસભ્ય કેસરીસિંહ આપમાં જોડાયા છે.

કોંગ્રેસમાં તો હાલ એક સાધે ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાઈ છે. એક પછી એક ધારાસભ્યો પોતાના હીતને સાચવવા કેસરીયો ધારણ કરી રહ્યા છે. ચૂંટણી સમયે જ ચાર કોંગ્રેસી ધારાસભ્યો ભાજપમાં જોડાતા ભારે ચર્ચા જાગી છે. અનેક કાર્યકરો પણ ચૂંટણી ટાણે જ કેસરીયા ધારણ કરી લેતા કોંગ્રેસની હાલત કફોડી બની ગઈ છે. આમ આદમી પાર્ટીમાં પણ આવનજાવન ચાલુ જ છે. સૌરાષ્ટ્રના રાજકારણનો જાણીતો ચહેરો ઈન્દ્રનીલ રાજ્યગુરુ પણ આપમાં આંટો મારી પરત કોંગ્રેસમાં આવી જતા તેમને રાજકોટમાંથી ટીકીટ મળી ગઈ છે. જ્યારે આપના પ્રદેશમંત્રી રાજભા ઝાલાએ ભાજપમાં જોડાઈને કેસરીયો ધારણ કરી લીધો છે.

# ગાંધીનગર (ઉ) બેઠક માટે અપક્ષ ઉમેદવારે ફોર્મ ભર્યુ

**ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મત વિભાગમાં બે દિવસમાં કુલ - ૧૪૦ ઉમેદવારી પત્રોનું વિતરણ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર (ઉ) વિધાનસભા બેઠક પર આજે એક અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે.

ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ૧૦મી નવેમ્બરથી શરૂ થઈ ચુકી છે. આજે બીજે દિવસે ગાંધીનગર (ઉ) બેઠક પર અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે તેમાં આજે એક ઉમેદવારી પત્ર ભરાયુ છે. ગાંધીનગર (ઉ) બેઠક પર અપક્ષ ઉમેદવાર તરીકે રાજ પ્રજાપતિએ ઉમેદવારી નોંધાવી છે. ગાંધીનગરના પ્રાંત અધિકારી બ્રિજેશ મોડિયા સમક્ષ તેમણે આ ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લામાં મુખ્ય સ્પર્ધક મનાતા ભાજપ કોંગ્રેસે એક-એક બેઠક પર તો આમ આદમી પાર્ટીએ ત્રણ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જિલ્લામાં વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો કોના કેટલા મત બગાડશે તે કળવુ હજુ અઘરૂ અને વહેલુ છે. મુખ્ય સ્પર્ધકો હજી તેમની ચૂંટણી અભિયાનની વ્યુહરચનાને લઈ છાતી સરખા કાર્ડ રાખી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગમાં બે દિવસમાં કુલ- ૧૪૦ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે. બે દિવસમાં સૌથી વધુ ૩૫ ઉમેદવારી પત્રોનું વિતરણ માણસા વિધાનસભા મતદાર વિભાગમાંથી થયા છે. સૌથી ઓછા ૨૪ ઉમેદવારી પત્રોનું વિતરણ ગાંધીનગર(દ) વિધાનસભા મતવિભાગમાં થયા છે. આજે ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિભાગમાં એક અપક્ષ ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## @-ઈલેક્શન

- પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આજકાલમાં કોંગ્રેસમાં જોડાશે એટલુ જ નહી પણ શહેરા વિધાનસભાની બેઠક પર જેઠાભાઈ ભરવાડ સામે ચૂંટણી લડશે એવી ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.
- પૂર્વ ગૃહમંત્રી અને દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી ૧૫મીએ આમ આદમી પાર્ટીમાં જોડાશે અને વીસનગરથી આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ સામે ચૂંટણી લડશે તેની જાહેરાત ૧૫મીએ અર્બુદા સેનાના સંમેલનમાં કરાશે.
- સૂરતના કતારગામ બેઠકના ભાજપના ઉમેદવાર વિનુભાઈ મોરડીયા ઘોડેસવારી કરી ફોર્મ ભરવા ગયા હતા.
- અંકલેશ્વર વિધાનસભા બેઠક પર કોંગ્રેસ અને ભાજપમાંથી બે સગા ભાઈ ઉમેદવાર બન્યા.
- વાઘોડીયાના મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી.
- બાયડમાં પણ કોંગ્રેસ-ભાજપનું કોકડું ગુંચવાયુ. ભાજપના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની અપક્ષ ઉમેદવારી કરવાની તૈયારી.
- નરોડા બેઠક પર સિંધી સમાજને ટીકીટ ન ફળવાતા ભાજપમાં ભારે કકળાટ.
- એનસીપીના મહિલા પ્રદેશ અધ્યક્ષ રેશમા પટેલે ઉમેદવારી તો નોંધાવી પરંતુ પ્રદેશ પ્રમુખ જયંત પટેલે મેન્ડેટ આપવાની ના પાડી.
- વડોદરાના વાઘોડીયા, પાદરા, કરજણ બેઠક પર ભારેલો અગ્નિ.
- સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના પ્રચાર માટે ૨૫મીએ રાહુલ ગાંધીનો રોડ શૉ યોજાશે.
- બોટાદ ભાજપમાં પણ નારાજગી.
- યોગી આદિત્યનાથ, જે.પી. નડ્ડા, નીતિન ગડકરી અને સ્મૃતિ ઈરાની સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રીનો ચૂંટણી પ્રવાસ નક્કી થઈ ગયો.
- કોંગ્રેસ-એનસીપીનુ ગઠબંધન થઈ ગયુ. કોંગ્રેસે એનસીપીને ઉમરેઠ, નરોડા અને દેવગઢ બારીયા બેઠક આપવાની સમજૂતિ કરી.
- પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે ભાવનગરમાં તળાજા અને મહુવામાં રોડ શૉ કરશે.

# જિલ્લામાં ૯૦૫૯ મતદારોને ૧૨ ડી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યુ

**જિલ્લામાં બુથલેવલ ઓફિસરો ઘરે ઘરે જઈ આ કામગીરી સંભાળી રહ્યા છે : જિલ્લામાં ૧૦૯૨ સેવા મતદારો નોંધાયેલા છે અને ૧૪,૫૦૭ પીડબલ્યુડી નોંધાયેલા મતદારો છે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૯૦૫૯ જેટલા મતદારોને ૧૨ ડી ફોર્મનું વિતરણ આજ સુધીમાં કરવામાં આવ્યુ છે.

પંચે પહેલીવાર પોષ્ટલ બેલેટની વ્યાખ્યામાં સુધારો કરી અને ૮૦ થી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો અને કોવિડ ૧૯ પ્રભાવિત કે શંકાસ્પદ કક્ષામાં સમાવિષ્ટ મતદારો પણ પોષ્ટલ બેલેટથી મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જિલ્લામાં બુથલેવલ ઓફિસરો ઘરે ઘરે જઈ આ કામગીરી સંભાળી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨ હજારથી વધુ લોકોનો આને લઈ સંપર્ક કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ અભિયાન આ સપ્તાહના અત સુધીમાં પૂર્ણ થઈ જશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રોએ વ્યક્ત કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ૮૦ કે તેથી વધુ વય ધરાવતા ૨૪,૨૭૦ મતદારો છે. ૩૯૩ જેટલા મતદારો શતાયુ કે તેથી વધુ વયના છે. જિલ્લામાં ૧૦૯૨ સેવા મતદારો નોંધાયેલા છે અને ૧૪,૫૦૭ પીડબલ્યુડી નોંધાયેલા મતદારો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ બી.એલ.ઓ. દ્વારા ૧૨ ડી ફોર્મનું વિતરણ અને તે ભરાઈ જાય તે પછી તેનુ રિપોર્ટીંગ કરાશે. આ માટે દરેક બેઠકમાં પોષ્ટલ મતદાન માટે અલગ ટીમ બનાવવામાં આવશે.

# કલેકટર કચેરીના ગેટ પાસે જ સ્ટ્રીટ લાઈટનો થાંભલો જમીનદોસ્ત

**સદનસીબે કોઇ જાનહાનિ નહીં : સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે હજુ કટાયેલા અને કંગાળ લાઇટના થાંભલા જોખમી હોવાનો આક્રોશ**





ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના માર્ગો પર લાઈટનુ યોગ્ય અજવાળુ પથરાય તે માટે એલ ઈ ડી લાઈટની જળહળા કરવામાં આવી છે. સેકટરોમાં પણ એલ ઈ ડી લાઈટના ફીટીંગ બાદ અગાઉની સાપેક્ષમાં ફરિયાદો ઘટી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જો કે હજુ પણ શહેરમાં કટાયેલા અને કંગાળ થાંભલા જોખમી હાલતમાં હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. જયારે સરકારી કચેરીઓના સંકુલમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી અને જોખમી હાલતમાં છે. જિલ્લા કલેકટર કચેરીના ગેટ પાસે જ આજે લાઈટનો કટાયેલો થાંભલો જમીનદોસ્ત થયો હતો જો કે સદનસીબે કોઈને જાનહાનિ થવા પામી ન હતી.

ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાને કેટલાક સેકટરોમાં કલર કરવામાં આવ્યો છે. જયારે કેટલાક માર્ગો પર નવા પોલ્સ પણ નાંખવામાં આવ્યા છે. પરંતુ હજુ નગરના સેકટરોમાં અલબત્ત આંતરિક વિસ્તારમાં લાઈટના થાંભલા કટાયેલી અને

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં ઘન કચરાના નિકાલ માટે સાઈટને મંજુરી આપવા દરખાસ્ત

**દહેગામ બાદ કલોલ માટે પણ આગામી દિવસોમાં વ્યવસ્થા ગોઠવાશે ગાંધીનગરમાં દિવા તળે અંધારું**

ગાંધીનગર તા ૧૧

કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા પર સુપ્રિમ કોર્ટે ભાર મુક્યો છે. જો કે ગાંધીનગરમાં આ મામલે દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે લાંબા સમય બાદ પણ ડમ્પિંગ સાઈટનું ઠેકાણું પડ્યું નથી. જયારે દહેગામ નગર પાલિકાએ શહેર નજીક વિકસાવેલી સાઈટને રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડે મંજુરી આપ્યા બાદ કલોલ નગર પાલિકાએ પણ સાઈટ ની પસંદગી કરીને મંજુરી અર્થે દરખાસ્ત રજુ કરી છે

જાણવા મળ્યા મુજબ દહેગામ શહેરમાંથી પ્રતિદિન એકત્રિત કરવામાં આવતા ભીના અને સુકા કચરાના નિકાલ માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સનું પાલન કરવા સાથે પાલિકા દ્વારા શહેર વિસ્તારમાં જ ડમ્પિંગ સાઈટ માટે જગ્યા પસંદ કરીને ફાળવણી કરવામાં આવ્યા બાદ અહીં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પાંચ બેઠકો માટે બે ખર્ચ નિરીક્ષક નિમાયા

**ગાંધીનગર(ઉ) અને માણસા વિધાનસભા મતવિભાગ માટે ખર્ચ નિરીક્ષક તરીકે શ્રી વી.એસ.નેગી : દહેગામ, ગાંધીનગર(દ) અને કલોલ માટે ખર્ચ નિરીક્ષક તરીકે શ્રી સંતોષકુમાર**



ગાંધીનગર, તા.૧૧

આગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે બે ખર્ચ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. જે અંતર્ગત આ બન્ને ખર્ચ નિરીક્ષકશ્રીઓ દ્વારા ઉમેદવારોના ખર્ચ સંબંધિત માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લાના નોડલ અધિકારીઓ, તમામ મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસર્સ તેમજ એ.આર.ઓ. સાથે કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઇ હતી.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ દહેગામ, ગાંધીનગર(દ), ગાંધીનગર(ઉ), માણસા અને કલોલ વિધાનસભા મતવિભાગનો સમાવેશ થાય છે. આ પાંચેય વિધાનસભા મતવિભાગના ઉમેદવારોના ખર્ચ પર નજર રાખવા માટે ચૂંટણી પંચ દ્વારા બે ખર્ચ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે.

જે અંતર્ગત ગાંધીનગર(ઉ) અને માણસા વિધાનસભા મતવિભાગ માટે એડિશનલ ઈક્રમટેક્ષ કમિશનર, લખનઉ શ્રી વી.એસ. નેગીની નિમણૂક કરવામાં આવી છે. જયારે દહેગામ, ગાંધીનગર(ઉ) અને કલોલ વિધાનસભા મતવિભાગ માટે એડિશનલ ઈક્રમટેક્ષ કમિશનર, કાનપુર શ્રી સંતોષકુમારની નિમણૂક કરવામાં આવી છે.

ખર્ચ સંબંધિત બાબતે કોઈ પણ ઉમેદવાર કે નાગરિક એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર શ્રી વી.એસ. નેગીનો મોબાઈલ-૬૩૫૬૫ ૫૭૯૭૪ અને શ્રી સંતોષકુમારનો મોબાઈલ નંબર-૬૩૫૬૫ ૫૭૯૭૩ પર સંપર્ક કરી શકશે. આ બંને ખર્ચ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર જિલ્લાની વિવિધ ચૂંટણી સંબંધિત ટીમોના નોડલ અધિકારીઓઓ, આર.ઓ. અને એ.આર.ઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખર્ચ નિરીક્ષક શ્રી વી.એસ. નેગીએ તમામ એ.આર.ઓ. પાસેથી ઉમેદવારી પત્ર વિતરણના બીજા દિવસમાં કેટલા ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે તેમજ અત્યાર સુધીમાં કુલ કેટલા ઉમેદવારી પત્રો ભરાયા છે તેની વિગતો મેળવી હતી.

## ઉમેદવારોની પસંદગી અંગે

# પ્રદેશ નેતાગીરીના અકળ મૌનને પગલે રાજકીય વર્તુળોનું અફવા બજાર ગરમાયું

**જિલ્લામાં બન્ને પક્ષોની પ્રદેશ નેતાગીરી મૌન ધારણ કરી બેઠી છે અને દાવેદારોની ધડકનો પણ વધી ગઈ છે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની ચાર બેઠકો પરના ઉમેદવારોની પસંદગીને લઈ પ્રદેશ નેતાગીરીના મૌનને લઈ પાટનગરમાં રાજકીય વર્તુળોનું અફવા બજાર ગરમાઈ જવા પામ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે. જે પૈકી કોંગ્રેસ પક્ષે ગાંધીનગર (દ) બેઠક માટે તો ભાજપે દહેગામ બેઠક માટે અને આમ આદમી પાર્ટીએ જિલ્લામાં વિધાનસભા જંગમાં પહેલીવાર ઝુકાવ્યુ છે અને ત્રણ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે જેમાં ગાંધીનગર (ઉ), ગાંધીનગર (દ) અને દહેગામ બેઠકનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આમ તો દરેક જંગ બહુકોણીય જ થયો છે. જિલ્લામાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે.

જિલ્લામાં ટિકિટના દાવેદારોના સમર્થકો દ્વારા તેમને ટિકિટ મળી ગઈ છે કન્ફર્મ થઈ ગઈ છે તેવી વાતોને લઈ રાજકીય અફવા બજારમાં સતત ઉત્તેજનાઓ જગાવી રહ્યા છે.

જિલ્લામાં બન્ને પક્ષોની પ્રદેશ નેતાગીરી મૌન ધારણ કરી બેઠી છે અને દાવેદારોની ધડકનો પણ વધી ગઈ છે એ એટલી જ સ્પષ્ટ વાત છે.

જિલ્લામાં વહેલા ઉમેદવાર જાહેર કરવામાં આવતાં આપના કાર્યકરોએ દેખાવો અને ધરણા યોજ્યા હતા જેને લઈ આમ આદમી પાર્ટીએ તેના જાહેર કરાયેલ ઉમેદવારમાં ફેરફાર કરવો પડ્યો હતો.

ગઈકાલે ગાંધીનગર (દ) બેઠક પર અલ્પેશ ઠાકોરના નામને લઈ ઉઠેલા વિરોધની વાતો પણ અખબારોના પાને ચમકી ચુકી છે એટલે હાલ બન્ને પક્ષની નેતાગીરી કોઈપણ નિર્ણયની જાહેરાત કરતાં પહેલાં છાશ ફૂંકી ફૂંકીને પીવાની નીતિ અખત્યાર કરી રહી છે અને આથી પક્ષના કાર્યકરો પણ હાલ મુંઝવણભરી સ્થિતિમાં છે.

જિલ્લામાં હજુ જાહેર પ્રચારને જ મહત્વ અપાઈ રહ્યુ છે. ભાજપ દ્વારા અગ્રેસર ગુજરાત કેમ્પેઈન અને કોંગ્રેસ દ્વારા પરિવર્તન સંકલ્પ યાત્રાના કાર્યક્રમો યોજાઈ ગયા છે. જિલ્લામાં હાલ જે રીતે ફોર્મ લઈ જવામાં આવી રહ્યા છે તેને લઈ બહુકોણીય જંગ ખેલાશે તેવા સંકેતો મળી રહ્યા છે.

# આવાસોની ઘટ નિવારવા જુના મકાનોનું રિનોવેશન કરાશે

**સે ૭,૧૩,૧૬ અને સે ૩૦ના કેટલાક બ્લોકનું રિનોવેશન કરવા અગાઉ વિભાગે મંજુરી આપી હતી**


ગાંધીનગર તા ૧૧

શહેરમાં રહેણાંકને લાયક આવાસોની ઘટ છે જયારે આ સ્થિતિને ધ્યાને લઈ કેટલાક મકાનોનું રિનોવેશન હાથ ધરવામાં આવનાર છે જોખમી જાહેર કરી દેવામાં આવેલા પૈકીના કેટલાક મકાનોનું નવેસરથી મજબુતીકરણ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. જેને અનુલક્ષી સેક્ટર ૭, ૧૩, ૧૬, ૨૧ અને ૩૦માં આવેલા ચ, છ અને જ કક્ષાના આવાસોનું રીનોવેશન હાથ ધરાશે હાથ ધરવામાં આવનાર છે. પાટનગર યોજના વિભાગ દ્વારા તેના માટે કરવામાં આવેલી રૂપિયા ૧૭ કરોડના ખર્ચની દરખાસ્તને સરકાર દ્વારા અગાઉ મંજુરી પણ આપી દેવામાં આવી છે

નગરમાં જુના આવાસો કંગાળ અને જોખમી સ્થિતિમાં છે જયારે નવા આવાસો બાંધવાની યોજના પણ હાથ ધરવામાં આવી છે આવાસની ઘટ પુરવા માટે એકતરફ મોટી સંખ્યામાં ફ્લેટ ટાઈપ આવાસ બાંધવામાં આવી રહ્યાં છે. બીજી બાજુ પ્રતિક્ષા યાદીના અરજદારોની સંખ્યા ઝડપથી ઓછી થાય તેના માટે જોખમી જાહેર કરવામાં આવેલા ૪૫૦૦ આવાસની ફેર તપાસ કરીને તેમાંથી જેનું મજબુતીકરણ કરવાથી ફરીવાર ઉપયોગમાં લઈ શકાય તેવા આવાસ અલગ તારવીને તેનું મેજર રિપેરીંગ કરવા નિર્ણય કરાયો છે. તેમાં સેક્ટર ૭, ૧૩, ૧૬, ૨૧ અને ૩૦માં આવેલા જ, છ અને ચ ટાઈપના કેટલાક આવાસનું સમારકામ કરવામાં આવનાર છે. તેના પાછળ રૂપિયા ૧૭ કરોડનો ખર્ચ અંદાજ મુકવામાં આવ્યો છે.

સેક્ટરોમાં સ્થિત કેટલાક જોખમી આવાસોમાં પણ વસવાટ છે કર્મચારીઓ રહે છે જયારે આ આવાસો ને જોખમી જાહેર કરવામાં આવેલા છે. તેના પાછળ બે કારણો છે. એક તો જે તે કર્મચારી પરિવાર આવાસને જોખમી માનવા તૈયાર નથી અને તેથી આવાસને ખાલી કરવા માટે પણ તૈયાર નથી. જ્યારે બીજુ કરાણ એવું છે કે જોખમી જાહેર કરવામાં આવેલા આવાસમાં રહેતા કર્મચારીને વૈકલ્પિક વ્યવસ્થા આપવા માટે પાટનગર યોજના વિભાગ પાસે બીજા મકાન જ ઉપલબ્ધ નથી. સાથે જ નવી આવાસ યોજનાઓને મંજુરી આપવામાં આવી છે, શહેરમાં રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે આવાસોની ઘટ નિવારવા જુના અને કંગાળ આવાસો પૈકી અમુક બ્લોક રીનોવેશન હેઠળ આવરી લેવામાં આવશે

## પ્રાર્થનાસભા



અમારા પૂજ્ય પિતાશ્રી

**ડો.હર્ષવદન રામણીકરાય વૈષ્ણવ**

(રિટાયર્ડ, મેડિકલ ઓફિસર) (ચક્ષુદાતા-દેહદાતા)

તા.૦૮-૧૧-૨૦૨૨ને મંગળવારના રોજ હાટકેશ શરણ થયેલ છે. સદ્દગતની પ્રાર્થનાસભા તા.૧૨-૧૧-૨૦૨૨ને શનિવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

| | | |
|---|---|---|
| યશેષ વૈષ્ણવ | મનીષા બુચ | કલ્પેન્દુ વૈષ્ણવ |
| મુક્તિ વૈષ્ણવ | અમિત બુચ | સપના વૈષ્ણવ |

**Motor Accident Claims Tribunal, Mumbai**

IN THE COURT OF Shri. Sanjay Kishanrao Choudante
H. H. Member, Mumbai, Mumbai.

**NOTICE/SUMMONS IN MOTOR ACCIDENT CLAIM PETITION**

MACP/1166/2021

**Shivshankar Vijay Panigrahi**

**Vs**

**Namrata Tour and Travels**
**and and Hiren S Kamdar**
**and Bajaj Alli Gen. Ins Co Ltd**
**and Tata AIG Gen**

To,
**Hiren Shashikant Kamdar**
A. S No.163 2 Goan Rakholi Dadara and Nagar Haveli 396 230.

Whereas has instituted a Motor Accident Claim Petition impleading you as one of the respondents, which case has been directed to be listed before this Tribunal/Court for hearing at 10.00 am. On 06/12/2022

Now therefore you are given notice to appear in this Tribunal/ Court in person or by a pleader duly instructed (and able to answer all material questions relating to the suit, or who shall accompanied by some person, able to answer all such questions), on the 06/12/ 2022 at 11:00 O'clock in the forenoon, to answer the claim; and and further you are hereby directed to file on that day a written statement of your defence and to produce on the said day all documents in your possession or power upon which you base your defence, and where you rely on any other documentwhether in your possession or power or not, as evidence in support of your defence, you shall enter such documents in a list to be annexed to the written statement.

Take notice that, in default of your appearance on the day before mentioned, the suit will beheard and determined in your absence.

Given under my hand and the seal of the Court, this 02-02-2022

**H. H. Member**

# હાર્દિક પટેલને મહેસાણામાં પ્રવેશ કરવા હાઈકોર્ટે મંજૂરી આપી

અમદાવાદ,તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે. એવામાં ભાજપે ૧૬૦ ઉમેદવારો જાહેર કરી દીધા છે જેમાં હાર્દિક પટેલને વિરમગામ બેઠક પરથી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે.

ત્યારે ઉમેદવારી ફોર્મ ભરવાના એક દિવસ પહેલાં જ હાઈકોર્ટે હાર્દિક પટેલને મોટી રાહત આપી છે. ગુજરાત હાઈકોર્ટમાંથી ભાજપના વિરમગામના ઉમેદવાર હાર્દિક પટેલને રાહત મળી છે. તેમને મહેસાણા જિલ્લામાં પ્રવેશ કરવાની એક વર્ષ માટે મંજૂરી આપવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com